પોલીસ કમિશનરની કચેરી અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.**

**ક્રમાંક:- વિ.શા./એ-સેકશન/પરમીટ/ RTO /જાહેરનામું / 05 /૨૦૨૬ તા.20/૦૧/૨૦૨૬**

વંચાણે લીધા:- (૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી સુભાષબ્રીજના પત્ર ક્રમાંકઃ નં.આરટીઓ/ અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૬૦૮ તા.૨૪/૧૨/૨૦૨૫

(૨) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી વસ્ત્રાલ અમદાવાદ પુર્વના પત્ર ક્રમાંક:નં.એઆરટીઓ/જાહેરનામું/અન અનધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૨૫-૧૩૨૭ તા.૩૧/૧૨/૨૫

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં (૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, સુભાષબ્રિજ સર્કલની બાજુમાં, અમદાવાદ શહેર તથા (૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, વસ્ત્રાલ, અમદાવાદ શહેર ખાતે આવેલ છે. આ કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે.સંદર્ભમાં જણાવેલા પત્રમાં દર્શાવેલ વિગત મુજબ આર.ટી.ઓ. માં એજન્ટ પ્રથા નાબુદ હોવા છતાં કેટલાંક ઇસમો કચેરીની આસપાસ અથવા કચેરીના નજીકના સ્થળે એકલા અથવા ટોળી બનાવીને કચેરીમાં પ્રવેશતા અરજદાર/નાગરીકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા (એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી, જાહેર જનતાના પૈસા લઇ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે.

જેથી આવી પ્રવૃતિ અટકાવવા સારૂ ઉપરોક્ત બંન્ને કચેરીઓ ખાતે પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમ અથવા ઇસમોની ટોળીને કચેરીના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ કચેરીમાં પ્રવેશતા અટકાવવામાં આવે તે જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં આવેલ ઉપરોકત કચેરીઓ ખાતે કોઇપણ અનઅધિકૃત ઇસમો કે ઇસમોની ટોળી દ્વારા સદરહું કચેરીઓમાં આવતી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃતિ કરવાના ઇરાદાઓ ધરાવતી વ્યક્તિઓના ઉપરોકત કચેરીઓના મુખ્યગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા ઉપર તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છુ.

આ હુકમ તા.૨૧/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૧/૦૩/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:-વિસ્તાર:-

(૧) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, સુભાષ બ્રિજ સર્કલની બાજુમાં, અમદાવાદ શહેર તથા

(૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, વસ્ત્રાલ, અમદાવાદ શહેરની કચેરી તથા કચેરીના મુખ્ય ગેટની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાનો વિસ્તાર.

:- શિક્ષા-:

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:- જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(3) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો. અધિ. શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો. મહાનિદેશક શ્રી (ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ. રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-0૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.
(૧૭) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૧) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૨) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૩) પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીશ્રી ની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ શહેર

(૨૪)પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીશ્રી ની કચેરી વસ્ત્રાલ અમદાવાદ શહેર

(૨૫) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૬) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૭) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૮) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૯) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૩૦) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.